આજની પ્રાર્થના....

અપની નિગાહ મેં હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના, તેરી પનાહમે હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૬૯ | ૨૦ મે, ૨૦૨૧, ગુરૂવાર; વૈશાખ સુદ - ૮ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યને ૧૦૦૦ કરોડની કેન્દ્રીય સહાય

**ગુજરાત, કેરળ, કર્ણાટક, ગોવા, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને દીવ-દમણ તેમજ દાદરાનગરમાં વાવાઝોડામાં મૃત્યુ પામેલાના વારસદારને ૨ લાખ અપાશે**



અમદાવાદ, તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતમાં તૌકતે વાવાઝોડાથી પ્રભાવિત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું. બાદમાં અમદાવાદ પહોંચી તેમણે એરપોર્ટ પર જ સમગ્ર સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા એક ઉચ્ચસ્તરીય બેઠકમાં કરી હતી અને પરિસ્થિતિની વિગતો પણ મેળવી હતી. પીએમ મોદીએ રાજ્યને તાત્કાલિક રાહત કાર્યવાહીઓ માટે રૂ. ૧૦૦૦ કરોડની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે.

આ ઉપરાંત ગુજરાત ઉપરાંત કેરળ, કર્ણાટક, ગોવા, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને દીવ-દમણ તેમજ દાદરાનગર હવેલીમાં વાવાઝોડામાં મૃત્યુ પામેલાના વારસદારને ૨ લાખ રૂપિયાની અને ઘાયલ થયેલાને ૫૦ હજાર રૂપિયાની આર્થિક સહાય આપવાની જાહેરાત પણ કરવામાં આવી છે.

આ ઉપરાંત પીએમ મોદીએ રાજ્યમાં કોરોનાની સ્થિતિ અંગે પણ માહિતી મેળવી હતી. પીએમ મોદી આજે તૌકતે વાવાઝોડાથી પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લેવા ગુજરાત પહોંચ્યા હતા. તેઓ દિલ્હીથી સીધા ભાવનગર પહોંચ્યા હતા.

## રાજ્યમાં વાવાઝોડાથી મૃત્યુઆંક ૪૫ થયો

અમદાવાદ,તા.૧૯

વાવાઝોડું સોમવારે દીવ અને ઉનાની વચ્ચે દરિયાકાંઠે ત્રાટક્યું હતું, જે બાદ સૌરાષ્ટ્ર અને અન્ય પ્રાંતોમાંથી આગળ વધ્યું હતું. આ વાવાઝોડું સવારે ૫.૩૦ વાગ્યે ડીપ ગુજરાત-રાજસ્થાન સરહદ પાસે ડિપ્રેશનમાંથી ડિપ્રેશનમાં ફેરવાઈ ગયું હોવાનું હવમાન વિભાગ જણાવે છે. આગામી ૧૨ કલાક દરમિયાન તે હજી મંદ પડતું જશે. વાવાઝોડાથી સમગ્ર ગુજરાતમાં ભારે તારાજીના દ્રશ્યો સામે આવ્યાં છે. આ વાવાઝોડાને કારણે વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું છે. આજે રાજ્યમાં વાવાઝોડાના કારણે મૃત્યુ આંકમાં વધારો થયો છે. ગુજરાતમાં આ વાવાઝોડાના કારણે મૃત્યુઆંક

**વાવાઝોડાથી સૌથી વધારે નુકશાન ખેડૂતોને થયું**

સીધો ૪૫ પર પહોંચી ગયો છે. આ મૃત્યુ મકાન ધસી પડવાથી, ઝાડ પડવાથી દીવાલ તૂટવાથી, તો કરંટ લાગવાથી થયાના સમાચાર મળી રહ્યાં છે. અમરેલીમાં ૧૫ મોત થયા છે. જેમાં મકાન ધસી પડવાથી ૨, દીવાલ પડવાથી ૧૩ લોકોનાં મોત થયા છે. ભાવનગરમાં ૮ મોત નીપજ્યાં છે. જેમાં ઝાડ પડવાથી ૨, મકાન ધસી પડવાથી ૨, દીવાલ પડવાથી ૩, છત પડવાથી ૧ મોત થયા છે. ગીર સોમનાથમાં ૮ મોત નીપજ્યાં છે. જેમાં ઝાડ પડવાથી ૨, મકાન ધસી પડવાથી ૧, દીવાલ પડવાથી ૪, છત પડવાથી ૧ મોત થયા છે. અમદાવાદમાં કુલ ૫ મોત થયા છે.

જેમાં વીજ કરંટથી ૨, દીવાલ પડવાથી ૨ અને છત પડવાથી ૧નું મોત થયું છે. ખેડામાં ૨ના મોત થયા છે જેમા વીજ કરંટથી બંન્નેના મોત થયા છે. આણંદમાં ૧ મૃત્યુ વીજ કરંટથી, વડોદરામાં ૧ મૃત્યું ટાવર પડી જવાથી, સુરતમાં ૧ મૃત્યુ ઝાડ પડી જવાથી, વલસાડમાં ૧ મૃત્યુ દીવાલ પડવાથી, રાજકોટમાં ૧ મૃત્યુ દીવાલ પડવાથી, નવસારીમાં ૧ મૃત્યુ છત પડવાથી, પંચમહાલમાં ૧ મૃત્યુ ઝાડ પડી જવાથી થયું છે. સોમવારે ૮.૩૦ કલાકની આસપાસ દીવ નજીક ત્રાટકેલા વાવાઝોડાએ મંગળવારે રાતે આશરે ૧૧.૩૦ કલાકે ગુજરાતમાંથી વિદિય લઈને રાજસ્થાન પહોંચ્યું હતું, રાજ્યમાં આવ્યું ત્યારે તે વેરી સિવિયર સાયક્લોનિક સ્ટ્રોમ હતું અને ગયું ત્યારે ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈને ગયું છે.

## પ્રધાનમંત્રી મોદીએ હેલિકોપ્ટરમાં સૌરાષ્ટ્રમાં તાઉતેની તબાહી નિહાળી

**મોદીને મેપ તેમજ એક ડિજિટલ ડિવાઈસથી વાવાઝોડાથી ક્યાં કેટલી તબાહી થઈ છે તેનો ખ્યાલ આપવામાં આવ્યો**

અમદાવાદ, તા. ૧૯

આજે દિલ્હીથી ભાવનગર આવી પહોંચેલા પીએમ મોદીએ એરફોર્સના હેલિકોપ્ટરમાં બેસીને સૌરાષ્ટ્રમાં તાઉતેએ સર્જેલી તબાહીને જોઈ હતી.



આ હેલિકોપ્ટરે ભાવનગર એરપોર્ટ પરથી જ ઉડાન ભરી હતી. જેમાં બેસીને પીએમ મોદીએ ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, દીવ જિલ્લાનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું. તેમની સાથે સીએમ વિજય રુપાણી, ચીફ સેક્રેટરી અનિલ મુકિમ, મહેસૂલ અધિક મુખ્ય સચિવ પંકજ કુમાર પણ હાજર રહ્યા હતા.

પીએમ મોદીને મેપ તેમજ એક ડિજિટલ ડિવાઈસ આપીને હેલિકોપ્ટર કયા વિસ્તારમાંથી પસાર થઈ રહ્યું છે તેમજ વાવાઝોડાંથી ક્યાં કેટલી તબાહી થઈ છે તેનો ખ્યાલ આપવામાં આવ્યો હતો. સોમવારે રાત્રે વાવાઝોડાંએ દીવ નજીક લેન્ડફોલ કર્યું હતું, ત્યારબાદ તે સૌરાષ્ટ્રના અન્ય ભાગોમાં આગળ વધ્યું હતું.

વાવાઝોડાંને કારણે સૌથી વધુ નુક્સાન ગીર સોમનાથ, ભાવનગર તેમજ અમરેલી જિલ્લામાં થયું છે. એક અંદાજ અનુસાર, વાવાઝોડાંને લીધે સૌરાષ્ટ્રના મોટાભાગના ખેતરો સાફ થઈ ગયા છે. પીએમ મોદી અસરગ્રસ્ત વિસ્તારોનો એરિયલ સર્વે કરીને અમદાવાદ આવવાના છે, જ્યાં તેઓ એરપોર્ટ પર જ ઉચ્ચ અધિકારીઓ સાથે મિટિંગ કરીને વિવિધ ક્ષેત્રોમાં થયેલા નુકસાન ઉપરાંત ગુજરાતને કેન્દ્ર તરફથી કેટલી મદદની જરુર છે તેની વિગતો જાણશે. ત્યારબાદ પીએમ ગુજરાત માટે રાહત પેકેજ જાહેર કરે તેવી પણ શક્યતા છે.

## દેશમાં નવા ૨૬૭૩૩૪ કેસ ૪૫૨૯નાં કોરોનાથી મોત

**કેન્દ્ર સરકારે કહ્યું કે ટેસ્ટિંગ વધારવાથી ફાયદો થયો છે અને ૧૪ અઠવાડિયામાં અઢી ગણું ટેસ્ટિંગ વધારવામાં આવ્યું છે**

નવી દિલ્હી,તા.૧૯

દેશભરમાં છેલ્લા કેટલાક દિવસથી કોરોના વાયરસના નવા કેસમાં ઘટાડો જોવા મળ્યા છે. જો કે આજે સામાન્ય વધારો થયો પરંતુ આમ છતાં મોતનો આંકડો ઝડપથી વધી રહ્યો છે. કેન્દ્ર સરકારે કહ્યું કે ટેસ્ટિંગ વધારવાથી ફાયદો થયો છે અને ૧૪ અઠવાડિયામાં અઢી ગણું ટેસ્ટિંગ વધારવામાં આવ્યું છે. જેનાથી સંક્રમણની જાણ થઈ અને તેના પર કાબૂ મેળવવામાં મદદ મળી છે. પરંતુ ચિંતાની વાત કઈક



બીજી જ છે. કારણ કે કોરોનાથી મોતની સંખ્યા ઘટી રહી નથી. તાજા આંકડા મુજબ ભારતમાં એક જ દિવસમાં કોરોના વાયરસના નવા ૨.૬૭ લાખથી વધુ કેસ નોંધાયા છે જ્યારે ૪૫૨૯ લોકોના કોરોનાથી મોત થયા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ દેશભરમાંથી છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૨,૬૭,૩૩૪ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કોરોનાના કુલ દર્દીઓનો આંકડો ૨,૫૪,૯૬,૩૩૦ થયો છે. એક દિવસમાં ૩,૮૯,૮૫૧ દર્દીઓ કોરોનાથી રિકવર પણ થયા છે. કુલ રિકવર થયેલા દર્દીઓની સંખ્યા ૨,૧૯,૮૬,૩૬૩ પર પહોંચી છે. સૌથી ચિંતાજનક જો કોઈ વાત હોય તો કોરોનાથી વધી રહેલા મોતનો આંકડો. એક જ દિવસમાં કોરોનાથી ૪૫૨૯ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે.

## ઉત્તર પ્રદેશ મંત્રી વિજય કશ્યપનું નિધન

નવી દિલ્હી,તા.૧૯

ઉત્તર પ્રદેશ સરકારમાં રાજ્યમંત્રી વિજય કશ્યપનું મંગળવારે નિધન થયું. તેઓ કોરોના સંક્રમિત હતા. તેમની સારવાર ગુડગાંવની મેદાંતા હોસ્પિટલોમાં ચાલી રહી હતી જ્યાં તેમણે છેલ્લા શ્વાસ લીધા. અત્રે જણાવવાનું કે વિજય કશ્યપ મુઝફ્ફરનગરના ચરથાવલ વિધાનસભાથી વિધાયક હતા. વિજય કશ્યપ યુપી સરકારમાં પૂર અને નિયંત્રણ મંત્રી હતા. તેઓ ૨૯ એપ્રિલના રોજ કોરોનાની ઝપેટમાં આવ્યા હતા. ત્યારબાદ સ્થિતિ ગંભીર થતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અત્રે જણાવવાનું કે મંગળવારે જ ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરથી ભાજપના સાંસદ અને કેન્દ્રીય મંત્રી સંજીવ બાલિયાનના ભાઈ જિતેન્દ્ર બાલિયાનનું પણ કોરોનાથી મોત થયું છે.

## બંગાળ ખાડીમાં લો પ્રેશર સર્જાતા ભુવનેશ્વરમાં વાવાઝોડાનો ભય

**યાસ નામ તરીકે જાહેર કરાયું, લો પ્રેશર એરિયામાં ચક્રવાત સર્જાશે કે કેમ અને લેન્ડફોલ કયાં કરશે તે અંગે કહેવું મુશ્કેલ**

ભુવનેશ્વર, તા. ૧૯

તાઉતે વાવાઝોડા બાદ ભારતીય હવામાન વિભાગે વધુ એક વાવાઝોડાની ચેતવણી જારી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે પૂર્વ મધ્ય બંગાળની ખાડીમાં લો પ્રેશર સિસ્ટમ સર્જાય તેવી સંભાવના છે. તેના કારણે અહીં ૨૩-૨૪ મે દરમિયાન ભારે વરસાદ થશે. આ અનુસંધાને ભુવનેશ્વર ઈન્ડિયન મેટ્રોલોજિકલ સેન્ટર દ્વારા એક ઈમેજ પણ શેર કરવામાં આવી છે. જેમાં ૨૩ મેના રોજ બંગાળની ખાડી નજીક એક લો પ્રેશર સિસ્ટમ સર્જાઈ રહી છે.

ધી ઈન્ડિયન મેટ્રોલોજીકલ ડિપાર્ટમેન્ટ સાઈન્ટિસ્ટ અને હેડ એચ.આર. બિસ્વાસ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, '૨૩ મેના રોજ બંગાળની ખાડી (અંડમાન સમુદ્ર)માં વધુ એક લો-પ્રેશર સિસ્ટમ સર્જાઈ રહી છે. અમે આ લો-પ્રેશર સિસ્ટમ પર નજર રાખી રહ્યા છે.' હાલની પરિસ્થિતિએ આ વાવાઝોડું ૨૬ મેના રોજ ઓડિશાના ભુવનેશ્વરમાં ત્રાટકશે તેવી શક્યતા છે.









## ભાવભીની અંજલિ



**સ્વ. નરેન્દ્રભાઈ એમ. શાહ**

મરણ અહિં છો રહ્યું...
સ્મરણમાં વહે જીંદગી...

આપની વિદાયથી ભારે આઘાતની લાગણી અનુભવીએ છીએ...
આપની સાથેના સ્મરણો જીવનની ઉર્જા બની રહેશે...
આપના આત્માની ચિરશાંતિ માટે
પરમતત્વને પ્રાર્થના સહ ભાવભીની અંજલિ

લિ.
અશોકભાઈ એચ. પટેલ (અશોક વકીલ)
(એડવોકેટ)
ચેરમેન - ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગાંધીનગર